# THE SURAT PARSI PANCHAYAT FUNDS AND PROPERTIES

(P.T.R. No. SURAT - C - 168)
C/o. Office of the Surat Parsi Panchayat Board,
Dr. JamshedjiLashkari Marg,Shahpore, Surat - 395003
**Phone : (0261) 2423221Mob. :- 8980334161**

## સુરત પારસી પંચાયત સંચાલિત

## એંટીની ધર્મશાળામાં પારસી જરથોસ્તીઓના રોકાણ – બુકિંગ અંગે માહિતી

પારસી જરથોસ્તીઓ કે જેઓ સુરત પારસી પંચાયત સંચાલિત એંટીની ધર્મશાળા કે જે સૈયદપુરા,પેટ્રોલ પંપની સામે, સુરત સ્થિત શેહેનશાહી આતશબહેરામ સાહેબની સામે અને કદમી આતશબહેરામ સાહેબથી (૫) પાંચ મિનીટના અને રેલ્વે સ્ટેશનથી રિક્ષામાં (15) મીનીટના અંતરે આવેલ છે. એંટીની ધર્મશાળામાં સુરતના ધાર્મિક / સામાજિક રોકાણ દરમ્યાન લાભ લેવા અનુરોધ છે. એંટીની ધર્મશાળાના પ્રથમ માળના એ.સી. રૂમો તેમજ નોન એ.સી. ડોર્મેટરી રોકાણ માટે ઓનલાઈન બુકિંગ કરી શકાશે. સમાજની સુવિધા અને સંકલન હેતુસર, હવે પછી ધર્મશાળાના રૂમોનાં બુકિંગ માટે ઈમેઈલ anti@suratparsipanchayat.com પર મેઈલ કરી અથવા સુરત પારસી પંચાયતની મુખ્ય ઓફીસ, ડૉ. જમશેદજી લશ્કરી માર્ગ શાહપોર સુરત ખાતે રૂબરૂ અથવા ટેલીફોન નંબર 02612423221 / 02612432978 તથા મોબાઈલ નંબર 9662936468 ઉપર સંપર્ક કરી બુકિંગના દિવસોનું ઓનલાઈન એડવાન્સ પેમેન્ટ **918980334161@sbi** પર કરાવ્યેથી બુકિંગ કન્ફર્મ કરવામાં આવશે, તેની જાણ સાથે બુકિંગ અને તેને આનુસંગિક માહિતી તેમજ રૂમ ચાર્જીસ સબંધિત આ સાથેની માહિતી અવલોકને લેવા વિનતી છે. ધર્મશાળાના રૂમ બુકિંગ માટે વધુ માહિતીની જરૂર જણાય તો પંચાયતના સી.ઈ.ઓ.નો મોબાઈલ નંબર 9662936468 પર સંપર્ક કરવાની જાણ સાથે સમાજના તમામને ધર્મશાળાનો ઓનલાઈન બુકિંગ કરાવી જરૂરીયાતના પ્રસંગે લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે.

ક્રમાંક : SPP / ૧૦૨૬ /૨૦૨૫

તા. 30 – ૧૨ -૨૦૨૫

સેક્રેટરી

# એંટીની ધર્મશાળા બુકિંગ અને તે આનુંશંગીક માહિતી

૧: એંટીની ધર્મશાળામાં રૂમોની અને તેના વપરાશની નીચે મુજબની રકમ તા. ૧-૧-૨૦૨૬ ના રોજ કે તે બાદના દિવસથી બુકિંગ કરાવ્યા સાથે અમલમાં આવવા સાથે નીચેની વિગત અવલોકનમાં લેવા સાથે અમલ કરવાની જાણ કરવામાં આવે છે.

| રૂમની માહિતી | કુલ રૂમો | બુકિંગ માટે રૂમની સંખ્યા | કુલ્લે વ્યક્તિ અને બાળકો | | | પ્રતિ દિન વપરાશની રકમ GST ના દર સાથે |
|---|---|---|---|---|---|---|
| | | | M | F | Chield | |
| એ.સી. બેડ રૂમ (૨ વ્યક્તી) | 3 | | | | | Rs. 900.00 |
| એ.સી. બેડ રૂમ (3 વ્યક્તી) | 2 | | | | | Rs. 1150.00 |
| એ.સી. બેડ રૂમ (૪ વ્યક્તી) | 1 | | | | | Rs. 1375.00 |
| ડોરમેટરી(પુરુષ) (પ્રતિ વ્યકિત) | 10 Bed | | | | | Rs. 185.00 per Bed |
| ડોરમેટરી (સ્ત્રી) (પ્રતિ વ્યકિત) | 6 Bed | | | | | Rs.185.00 per Bed |

૨: એટીની ધર્મશાળામાં બુકિંગ માટે ઈમેઈલ anti@suratparsipanchayat.com પર મેઈલ કરી અથવા ટેલીફોન નંબર 02612423221, 02612432978 અથવા મોબાઈલ નં. 9662936468 પર સંપર્ક કરી રૂમ બુકીંગનું કન્ફર્મેશન મળ્યેથી સરકારી ધારા ધોરણોસર લાગુ પડતા GST સાથેના ઉપર મુજબની વિગતે પ્રતિ રૂમ વપરાશની બુકીંગના દિવસોની કુલ્લે રકમ તરત જ ઓનલાઈન પેમેન્ટ ઇલેક્ટ્રોનીક્સ માધ્યમ દ્વારા **"918980334161@sbi"** જમા કરાવયેથી અથવા રોકડેથી પંચાયત ઓફિસમાં જમા કરાવયેથી જ બુકિંગ કન્ફર્મ કરવામાં આવશે. ઓનલાઈન બુકિંગ કરાવનાર બુકિંગ ધારકો દ્વારા ઓનલાઈન વપરાશ ફી જમા કરાવયેથી તેની જાણ પંચાયત ઓફિસને ટેલીફોનીક અથવા મોબાઈલથી કરવા વિનંતી છે.

3: બુકિંગ કરાવ્યા બાદ જો તે બુકિંગ રદ કરાવવામાં આવશે તો જમા કરાવેલ વપરાશ ખર્ચ પરત આપવામાં આવશે નહીં, તેની ખાસ જાણ કરવામાં આવે છે.

૪: એટીની ધર્મશાળામાં ૨, 3 અને ૪ બેડના રૂમો તથા ડોરમેટરી રૂમના બુકિંગ માટે પેમેન્ટ જમા કરાવ્યાના આધાર પુરાવા સાથે ધર્મશાળામાં રહેવા માટે ચેક-ઇન થયા સમયે તમામ વ્યક્તિની ઓળખ સંબધિત સરકારશ્રી દ્વારા માન્ય કરેલ પુરાવાની હાર્ડ કોપીની પ્રમાણિત નકલ ફરજીયાત ધર્મશાળાના મેનેજરને જમા કરાવવાની રહેશે.

૫: ધર્મશાળામાં અગાઉથી બુકિંગ કરાવયા વિના પંચાયત ઓફીસના કામકાજના સમય બાદના સમયે અથવા રજાના દિવસો દરમ્યાન પારસી જરથોસ્તીઓ ધર્મશાળામાં રહેવા માટે આવે તે સમયે ધર્મશાળામાં રૂમની ઉપલબ્ધતા ધ્યાને લઇ બુકિંગ કરવામાં આવશે. રૂમના બુકીંગની સમ્મતી મળ્યેથી ક્રમાંક (૨) મુજબ વપરાશ ફી જમા કરાવયેથી તથા જો રોકડેથી વપરાશ ખર્ચની રકમ ધર્મશાળાના મેનેજરને જમા કરાવયેથી રૂમની ફાળવણી કરીએથી ક્રમાંક (૪) મુજબની વિગતે આધાર જમા કરાવ્યેથી રૂમની ફાળવણી કરવામાં આવશે.

૫: ધર્મશાળામાં કરવામાં આવેલ રોકાણના બુકિંગથી વધુ દિવસો માટે રોકાણ કરવા ઈચ્છુક હોવા સમયે રૂમની ઉપલબ્ધતા ધ્યાને લઈ વધુ દિવસોની મંજુરી આપવામાં આવશે, તેની ખાસ જાણ કરવા સાથે જો વધુ દિવસોના રોકાણની મંજુરી આપવામાં ન આવે તો બુકીંગના દિવસો પુરા થયેથી અને ચેક આઊટ સમય થયેથી ધર્મશાળાના મેનેજરને રૂમનો કબજો પરત કરવાનો રહેશે.

૬: ધર્મશાળાનો ચેક-આઉટ સમય સવારે ૧૦.૦૦ કલાકનો અને ચેક ઇન સમય સવારે ૧૧.૦૦ કલાકનો રહેશે.

૭: ઉપર મુજબની વપરાશ ફી બે, ત્રણ અને ચાર વ્યક્તિઓની રહેશે. જો બે, ત્રણ અને ચાર વ્યક્તિઓ ઉપરાંત ૧૦ વર્ષથી વધુ વયના બાળક હશે તો જે તે રૂમના એક્સ્ટ્રા બેડની વપરાશની રકમ પ્રતિ બાળક + GST સાથે Rs.૧૮૫.૦૦ જમા કરાવવાની રહેશે.

વપરાશકર્તા સાથે બે બાળકોથી વધુ બાળકો હશે તો અચૂક અલગથી રૂમ બૂક કરાવવાનો રહેશે, જેનો સાથે વપરાશનો ચાર્જ અલગથી જમા કરાવવાનો રહેશે.

૮: ફાળવણી કરેલ રૂમના બેડના લિનન રોજે રોજ બદલવામાં આવશે.

સેક્રેટરી

તા. ૩૦-૧૨-૨૦૨૫